

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 109
Dt.: 23-02-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### મન કી બાતનો ૧૩૧મો એપિસોડ બ્રોડકાસ્ટ થયો

# AIથી બદલાઈ રહ્યું છે ભારતનું ભવિષ્યઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજે રવિવારે (૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ મન કી બાતનો ૧૩૧મો એપિસોડ બ્રોડકાસ્ટ થયો. આ કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે મન કી બાત એ દેશ અને દેશવાસીઓની સિદ્ધિઓને સામે લાવવાનું એક મજબૂત પ્લેટફોર્મ છે. તેમણે તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલી **Global AI Impact Summit**નો ઉલ્લેખ કરીને કહ્યું કે, આ સમિટમાં દેશે એક અદ્ભુત ઉપલબ્ધિ હાંસલ કરી છે. મન કી બાતમાં પીએમ મોદીએ કહ્યું કે, આ **Global AI Impact Summit**માં વિવિધ દેશોના નેતાઓ, ઉદ્યોગ જગતના લીડર્સ, ઈનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ સેક્ટરના લોકો ભારત મંડપમમાં એકઠા થયા હતા. આવનારા સમયમાં વિશ્વ **AI**ની શક્તિનો ઉપયોગ કેવી રીતે કરશે તે દિશામાં આ સમિટ એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સમિટમાં મને વિશ્વના લીડર્સ અને ટેક **CEOs** સાથે મુલાકાતનો મોકો મળ્યો. **AI** સમિટ એક્ઝિબિશનમાં મેં વિશ્વના નેતાઓને ઘણી બાબતો બતાવી. આ સમિટમાં બતાવવામાં આવ્યું કે **AI** કેવી રીતે પશુઓના ઈલાજમાં મદદ કરી રહ્યું છે



અને કેવી રીતે ખેડૂતો **24x7 AI** અસિસ્ટન્સની મદદથી પોતાની ડેરી અને પશુઓ પર નજર રાખી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ આ સમિટને ભારતની **AI** ક્ષમતાનું પ્રદર્શન ગણાવ્યું અને કહ્યું કે તે વિશ્વને આશ્ચર્યચકિત

## આવનારા સમયમાં વિશ્વ AIની શક્તિનો ઉપયોગ કેવી રીતે કરશે તે દિશામાં આ સમિટ એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ છે : વડાપ્રધાન મોદી

કરી દેનારી ભારતીય ઈનોવેશન્સનું ઉદાહરણ છે. તેમણે ખેડૂતો અને પશુપાલન ક્ષેત્રમાં **AI**ના ઉપયોગને હાઈલાઈટ કરીને ભારતની સમાવેશી અને પરિવર્તનશીલ **AI** વિઝન પર ભાર મૂક્યો. આ એપિસોડમાં **PM** મોદીએ અમ્મા જયલલિતાને પણ યાદ કર્યા. તેમણે કહ્યું કે, દેશમાં જેમણે સમાજની ભલાઈ માટે કામ કર્યું છે અને જનતાને પ્રાથમિકતા આપી છે, તેઓ હંમેશા લોકોના દિલમાં રહે છે. અમ્મા જયલલિતા એવા જ એક લોકપ્રિય લીડર હતા. ૨૪ ફેબ્રુઆરીએ તેમની જન્મજયંતિ છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, હું આજે પણ તમિલનાડુના લોકોના મનમાં તેમના માટે જે ઊંડો લગાવ છે તે અનુભવું છું. જ્યારે હું રાજ્યમાં જાઉં છું ત્યારે અમ્મા જયલલિતાનું નામ લેતાં જ લોકોના ચહેરા પર ચમક આવી જાય છે. તેઓ મારા ગુજરાતમાં શપથ ગ્રહણ સમારોહમાં પણ આવ્યા હતા. તેમની વિચારસરણી ખૂબ જ સ્પષ્ટ હતી. બોર્ડના પરીક્ષાર્થીઓને વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હું આશા રાખું છું કે તમે આ મહિનાની શરૂઆતમાં પરીક્ષા પે ચર્ચા જોઈ હશે અને તેમાંથી કંઈક શીખ્યા પણ હશો. તમે બધા પરીક્ષા વોરિયર્સ છો. મને પૂરો વિશ્વાસ છે કે તમે સૌ પૂરા મનથી તમારી પરીક્ષાની તૈયારી કરી રહ્યા હશો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજિટલ અરેસ્ટ અને ઓનલાઈન ફ્રોડના વધતા કેસો અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, જાગૃતિ વધી રહી છે તેમ છતાં લોકો હજુ પણ છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે. તેમણે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ અજાણ્યા કોલ, લિંક કે સરકારી અધિકારી બનીને ડરાવનારા લોકોથી સાવધાન રહેવું.

# ઓડિશા હાઈવે પર મોતનું તાંડવઃ ટ્રેલરે પોલીસ વાહનના ફુરચા ઉડાડ્યા, ૫ જવાન શહીદ, ૩ ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓડિશા

ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં રવિવારે વહેલી સવારે એક કાળજું કંપાવી દેતી દુર્ઘટના સર્જાઈ છે. ફરજ પર તૈનાત પોલીસ જવાનોની ગાડીને એક પૂરઝડપે આવતા ટ્રેલરે અડફેટે લેતા ૫ જવાનોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૩ જવાનોની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં સવારે રક્ષકો જ માર્ગ અકસ્માતનો ભોગ બન્યા છે. ઝારસુગુડા સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ પર

**ઝારસુગુડા સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ પર રહેલી પોલીસની બોલેરો ગાડીને સામેથી આવતા એક અનિયંત્રિત ટ્રેલરે જોરદાર ટક્કર મારી હતી**

રહેલી પોલીસની બોલેરો ગાડીને સામેથી આવતા એક અનિયંત્રિત ટ્રેલરે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે પોલીસ વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાં સવાર પાંચ જવાનોએ ઘટનાસ્થળે જ અંતિમ શ્વાસ લીધા હતા. પોલીસ વિભાગ દ્વારા મૃતક જવાનોના નામ જાહેર કરવામાં આવ્યા છે, જેમાં ડ્રીલ સબ-ઈન્સ્પેક્ટર નિરંજન કુજૂર, એપીઆર કર્મચારી કાશીરામ ભોઈ, દેબદત્ત સા, એપીઆર હવાલદાર લિંગરાજ ધુરુઆ અને હોમગાર્ડ ભક્તબંધુ મિર્ધાનો સમાવેશ થાય છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર પોલીસ બેડામાં શોકનું મોજું ફરી વળ્યું છે. દુર્ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી કાટમાળમાં ફસાયેલા ત્રણ જવાનોને બહાર કાઢી ઝારસુગુડા જિલ્લા હોસ્પિટલ ખસેડ્યા હતા. આ ઘાયલ જવાનોમાં બે આર્મ્ડ પોલીસ રિઝર્વના સભ્યો અને એક સાર્જન્ટનો સમાવેશ થાય છે, જેમની હાલત નાજુક હોવાનું તબીબો જણાવી રહ્યા છે. પોલીસે ટ્રેલર ચાલકની અટકાયત કરી અકસ્માતનું કારણ ઊંઘનું ઝોકું હતું કે બેદરકારી તે દિશામાં તપાસ શરૂ કરી છે.

### ગંભીર બીમારી અને આર્થિક તંગી બની કારણ?

# યુપીમાં એક જ પરિવારના ૫ સભ્યોએ એકસાથે ગળે ફાંસો ખાધો

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

કાસગંજના અમાનપુર વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય સત્યવીર છેલ્લા ૧૦ વર્ષથી ભાડાના મકાનમાં રહીને વેલ્ડિંગની દુકાન ચલાવતા હતા.

છેલ્લા ચાર દિવસથી તેમની દુકાન બંધ હતી અને શટર પણ ખુલ્યું નહોતું. શનિવારે સાંજે જ્યારે કેટલાક ગ્રાહકો દુકાને આવ્યા અને અંદર ડોકિયું કર્યું, ત્યારે સત્યવીરનો મૃતદેહ ફાંસીએ લટકતો જોવા મળ્યો હતો. ત્યારબાદ સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી.

પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરતા અંદરથી સત્યવીરની પત્ની રામશ્રી(૫૦), પુત્રી પ્રાચી(૧૨), અમરવતી(૧૦) અને પુત્ર ગિરીશ(૧૦)ના મૃતદેહ એક જ પલંગ પર પડેલા મળી આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે સત્યવીરનો પુત્ર ગિરીશ લાંબા સમયથી કોઈ ગંભીર બીમારીથી પીડાતો હતો. તેના ઈલાજ માટે સત્યવીરને મોટી રકમની જરૂર હતી, પરંતુ તેમની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હતી. સત્યવીરના પત્નીની બહેને જણાવ્યું કે, તે મદદ માટે ગામમાં પણ ગયા હતા, પરંતુ ક્યાંયથી આર્થિક સહાય મળી શકી નહોતી. બીમાર પુત્રની ચિંતા અને ગરીબીના કારણે સત્યવીર ભારે તણાવમાં હતા, જે આ પગલાં પાછળનું મુખ્ય કારણ હોવાનું મનાય છે.

અલીગઢ રેન્જના ડીઆઈજી પ્રભાકર ચૌધરીએ જણાવ્યું કે, રૂમ અંદરથી બંધ હતો અને કોઈના બળજબરીથી પ્રવેશવાના પુરાવા મળ્યા નથી. સત્યવીરનો મૃતદેહ લટકતી હાલતમાં હતો, જ્યારે તેની પત્નીના ગળા પર ઈજાના નિશાન હતા. ત્રણેય બાળકોના શરીર પર ઈજાના કોઈ ચિહ્નો નથી.

પોલીસ એવી આશંકા વ્યક્ત કરી રહી છે કે સત્યવીરે પહેલા બાળકોને ઝેર આપ્યું હશે, ત્યારબાદ પત્નીની હત્યા કરી હશે અને અંતે પોતે ફાંસી લગાવી લીધી હશે. હાલ પોલીસ તમામ પુરાવાઓ એકત્ર કરી રહી છે અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે.

# પાકિસ્તાને અફઘાનિસ્તાન પર કરી એરસ્ટ્રાઈક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રમઝાન દરમિયાન પાકિસ્તાને અફઘાનિસ્તાન પર હુમલો કર્યો. F-16 વિમાનોએ મદરેસા સહિત સાત સ્થળોએ મિસાઈલો છોડી. પાકિસ્તાને ફરી એકવાર અફઘાનિસ્તાનમાં લશ્કરી કાર્યવાહી શરૂ કરી છે.

પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા. પાકિસ્તાનના પ્રમુખ સમાચારપત્રના અહેવાલ મુજબ, પાકિસ્તાનના માહિતી મંત્રાલયે સોશિયલ મીડિયા પર એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે સરહદ પારના સાત આતંકવાદી કેમ્પ અને ઠેકાણાઓને નિશાન બનાવાયા. ઈસ્લામાબાદ મુજબ આ ઠેકાણા પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) અને ઈસ્લામિક સ્ટેટ-ખોરાસન સાથે જોડાયેલા લોકોના હતા. પાકિસ્તાની સરકાર **TTP**ને "ફિટના અલ-ખ્વારીજ" તરીકે ઓળખે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઈસ્લામાબાદ, બાજૌર અને બન્નુમાં ઈમામ બરગાહ પર થયેલા બોમ્બ વિસ્ફોટો સહિત તાજેતરના આત્મઘાતી હુમલાઓ બાદ બદલો લેવાની કાર્યવાહી કરાઈ. રમઝાન મહિનામાં થયેલા તાજેતરના હુમલાને પણ એક હેતુ તરીકે દર્શાવવામાં આવ્યો.

પાકિસ્તાને દાવો કર્યો કે તેની પાસે નક્કર પુરાવા છે કે આ હુમલાઓ અફઘાનિસ્તાનમાં સ્થિત નેતૃત્વ અને સંચાલકોના ઈશારે કરવામાં આવ્યા હતા. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે અફઘાનિસ્તાનમાં સ્થિત **TTP** અને **ISKP** એ જવાબદારી સ્વીકારી છે. ગુપ્ત માહિતીના આધારે પસંદ કરેલા લક્ષ્યો સામે કાર્યવાહી કરવામાં આવી.

# ટ્રમ્પ ટેરિફ પર US સુપ્રીમ કોર્ટનો નિર્ણયઃ ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ લઈને યોજાનારી બેઠક ટળી!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા "રેસિપ્રોકલ ટેરિફ"ને અમેરિકી સુપ્રીમ કોર્ટે રદ કરી દીધા છે. આ નિર્ણયથી આંતરરાષ્ટ્રીય વેપાર જગતમાં અનિશ્ચિતતા વધી ગઈ છે. આ અસરને કારણે ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પરની વાટાઘાટો મુલતવી રાખવામાં આવી છે. ભારતના મુખ્ય વાટાઘાટકાર દર્પણ જૈનનો અમેરિકા પ્રવાસ પણ મુલતવી રાખવામાં આવ્યો છે. તેઓ સોમવારે વોશિંગ્ટન પહોંચીને કાનૂની સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવાના હતા. વાણિજ્ય મંત્રાલયના સૂત્રો અનુસાર, બંને દેશોએ નક્કી કર્યું છે કે તાજેતરની ઘટનાઓ અને તેની અસરનું મૂલ્યાંકન કર્યા પછી જ વાટાઘાટકારોનો પ્રવાસ અને બેઠક નક્કી કરવામાં આવશે. બેઠકને પારસ્પરિક રીતે અનુકૂળ તારીખે ફરીથી આયોજિત કરવામાં આવશે. આ પ્રવાસ એવા સમયે મુલતવી રાખવામાં આવ્યો છે, જ્યારે અમેરિકી સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના "રેસિપ્રોકલ ટેરિફ"ને અમાન્ય જાહેર કર્યા પછી તેની આંતરરાષ્ટ્રીય વેપાર પરની સંભવિત અસરની સમીક્ષા ચાલી રહી છે. શનિવારે કેન્દ્ર સરકારે અમેરિકી સુપ્રીમ કોર્ટના નિર્ણય પર પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપી હતી. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, શુક્રવારે આવેલા ટેરિફ પરના નિર્ણયની ભારતે નોંધ લીધી છે. વાણિજ્ય મંત્રાલયે નિવેદન જારી કરીને કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે પણ પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે વાત કરી છે. અમેરિકી વહીવટી તંત્ર તરફથી કેટલાક પગલાં જાહેર કરવામાં આવ્યા છે. અમે આ તમામ ઘટનાક્રમોની અસરનો અભ્યાસ કરી રહ્યા છીએ.આ પહેલાં સોમવારે વાણિજ્ય સચિવે કહ્યું હતું કે, અમારો પ્રયાસ માર્ચ ૨૦૨૬માં ભારત-અમેરિકા ટ્રેડ ડીલને અંતિમ સ્વરૂપ આપવાનો છે. આ એક પ્રયાસ છે, પરંતુ હું તેના માટે કોઈ સમયમર્યાદા નહીં રાખું. દર્પણ જૈન આગામી અઠવાડિયે અમેરિકા જશે અને ત્યાં કાનૂની સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવા માટે કામ કરશે.

### કિશ્તવાડ જિલ્લોમાં સુરક્ષા દળોને મહત્વપૂર્ણ સફળતા મળી

# કિશ્તવાડના ચતરુ જંગલમાં એક્વાઉન્ટર, જૈશના બે આતંકવાદી ઠાર કરાયા

### લાંબા સમય સુધી ચાલેલા ગોળીબારમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લોમાં સુરક્ષા દળોને મહત્વપૂર્ણ સફળતા મળી છે. જિલ્લાના દૂરવર્તી અને કઠિન ભૂગોળ ધરાવતા ચતરુ જંગલ વિસ્તારમાં રવિવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ભારે એક્વાઉન્ટર થયું. આ કાર્યવાહીમાં પ્રતિબંધિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે.



અધિકારીઓના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓની હાજરી અંગે મળેલી ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે ભારતીય સેના, જમ્મુ અને કાશ્મીર પોલીસ તથા **CRPF**ની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

ઓપરેશન દરમિયાન આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કરતાં એક્વાઉન્ટર ભડકી ઊઠ્યું. લાંબા સમય સુધી ચાલેલા ગોળીબારમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા.

સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે વિસ્તારને સંપૂર્ણ રીતે ઘેરી લેવામાં આવ્યો છે અને કોઈ અન્ય આતંકવાદી છુપાયેલો તો નથી ને, તે માટે સઘન સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે.

એક્વાઉન્ટર બાદ વિસ્તારમાં વધુ દળો તૈનાત કરવામાં આવ્યા છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ચતરુ જંગલ વિસ્તાર છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ગતિવિધિઓ માટે સંવેદનશીલ માનવામાં આવે છે. ગયા મહિને પણ આ જ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અનેક વખત ગોળીબાર થયો હતો. તે સમયે એક બહાદુર સૈનિક શહીદ થયો હતો, જ્યારે એક આતંકવાદી માર્યો ગયો હતો. આ ઘટનાઓ બાદથી સુરક્ષા દળોએ વિસ્તારમાં પોતાની ચોકસાઈ અને પેટ્રોલિંગ વધારી હતી. વ્હાઈટ નાઈટ કોર્પ્સ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે આ સંયુક્ત કાર્યવાહી આતંકવાદની કમર તોડવા માટે મહત્વપૂર્ણ છે. સૈનિકો અને સુરક્ષા કર્મીઓએ વિસ્તારને કાબૂમાં રાખ્યો છે અને સામાન્ય નાગરિકોની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

આ એક્વાઉન્ટરથી સ્પષ્ટ થાય છે કે સુરક્ષા દળો આતંકવાદ સામે કડક વલણ અપનાવી રહ્યા છે અને કિશ્તવાડ જેવા દુર્ગમ વિસ્તારોમાં પણ આતંકવાદીઓને કોઈ પણ રીતે છૂટ આપવામાં આવશે નહીં. આવનારા દિવસોમાં પણ આવા ઓપરેશનો ચાલુ રહેવાની શક્યતા છે.

## પંજાબમાં ASI અને હોમગાર્ડની ગોળી મારીને હત્યા કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)પંજાબ

પંજાબના ગુરદાસપુર જિલ્લામાં રવિવારે મોડી રાત્રે એક ઘટના સામે આવી છે, જેમાં પોલીસ ચોકી પર તૈનાત બે પોલીસકર્મીઓના ગોળી વાગવાથી રહસ્યમય સંજોગોમાં મોત નિપજ્યા છે. આ ઘટના સરહદી વિસ્તાર દોરાંગલાના આદિયા ગામમાં રાત્રે અંદાજે ૧ વાગ્યાની આસપાસ બની હતી. મૃતકોની ઓળખ પંજાબ પોલીસના **ASI** ગુરનામ સિંહ અને હોમગાર્ડ અશોક કુમાર તરીકે થઈ છે. હાલમાં આ ગોળીબાર કોણે કર્યો તે અંગે રહસ્ય અકબંધ છે, જોકે ઘટનાસ્થળેથી બંને જવાનોના સર્વિસ હથિયારો મળી આવ્યા છે. ઘટનાની ગંભીરતાને જોતા ગુરુદાસપુરના **SSP** આદિત્ય શર્મા અને ફોરેન્સિક ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. ભારત-પાકિસ્તાન સરહદ નજીકનો વિસ્તાર હોવાથી બીએસએફના **DIG** પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને જવાનો ચોકીના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસ હાલમાં આ કેસમાં ગેંગસ્ટર સંડોવણી કે આતંકવાદી કાવતરું હોઈ શકે તે દિશામાં પણ ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.




# તંત્રી લેખ......

## માતૃભાષાના આત્મસન્માનનું જતન કરવું જોઈએ

દર વર્ષે, ૨૧ ફેબ્રુઆરી વિશ્વભરમાં માતૃભાષાઓના ઘાયલ આત્મસન્માન અને ખોવાયેલા આત્મવિશ્વાસને પુનઃસ્થાપિત કરવાની પ્રતિજ્ઞા અને સ્વપ્ન લાવે છે. ૧૯૯૯ માં, યુનેસ્કોએ આ તારીખને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે જાહેર કરી. આ એ વાત સાબિત કરે છે કે આપણે વિવિધ ભાષાઓનું રક્ષણ કરીએ તો જ સાંસ્કૃતિક વિવિધતા જાળવી શકીએ છીએ. આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઉજવવાની પૃષ્ઠભૂમિ પૂર્વ પાકિસ્તાન (હવે બાંગ્લાદેશ) ના બંગાળી ભાષા આંદોલનમાં રહેલી છે. પાકિસ્તાને તેના પર ઉર્દૂ લાદી હતી. ઢાકા યુનિવર્સિટીના સંયુક્ત વિદ્યાર્થીઓ અને કેટલાક સામાજિક સંગઠનો, આ નિર્ણયથી અસંતુષ્ટ, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૫૨ ના રોજ વિરોધ કર્યો. પોલીસે વિરોધીઓ પર ગોળીબાર કર્યો, જેમાં ઘણા વિદ્યાર્થીઓ માર્યા ગયા. આ વિદ્યાર્થીઓની યાદમાં, યુનેસ્કોએ ૧૯૯૯ માં આ દિવસને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે જાહેર કર્યો. તેણે માતૃભાષાને માતૃભાષા તરીકે નહીં, પરંતુ માતૃભાષા તરીકે વ્યાખ્યાયિત કરી. એટલે કે, તમારી માતૃભાષા, જેને તમારી પ્રાથમિક ભાષા પણ કહી શકાય. આ ભાષા આપણી ઓળખ અને આપણા માનસિક વ્યક્તિત્વના નિર્માણનો આધાર છે. માતૃભાષા મહત્વપૂર્ણ છે કારણ કે દરેક ભાષામાં સામાજિક-સાંસ્કૃતિક સ્ત્રોત હોય છે. ભાષા આપણને આપણા ઈતિહાસ, પૌરાણિક કથા અને પરંપરા સાથે જોડે છે. આ જોડાણ સામૂહિક ઓળખ બનીને અત્યંત મૂલ્યવાન બને છે. આપણી સંસ્કૃતિની નાડી આપણી ભાષાના ખ્યાલો, પૌરાણિક કથાઓ, છબીઓ અને પ્રત્યયોમાં રહે છે. વિડંબના એ છે કે, નવા વૈશ્વિક પરિદશ્ય અને ઝડપથી બદલાતી પરિસ્થિતિઓમાં, ઘણી ભાષાઓ અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી છે. સંદેશાવ્યવહારના આ નવા યુગમાં, સાંસ્કૃતિક વિવિધતા અને અન્ય વિવિધતાઓને ભૂંસી નાખતી વખતે, એક સમાન સંસ્કૃતિ, એક સમાન સભ્યતા અને સામાન્ય હિતોના "વિશ્વ મોડેલ" ની વિભાવનાએ વિકાસશીલ અને અવિકસિત દેશોની ભાષાઓ માટે પડકારો ઉભા કર્યા છે. વિશ્વની ઘણી ભાષાઓ ગંભીર ખતરોનો સામનો કરી રહી છે. ઘણી ભાષાઓ લુપ્ત થવાની આરે છે. યુનેસ્કોનો તારણ છે કે દર બે અઠવાડિયે એક ભાષા અદશ્ય થઈ જાય છે. ટૂંક સમયમાં, એવો સમય આવશે જ્યારે વપરાશકર્તાઓના અભાવે લગભગ ૧,૫૦૦ ભાષાઓનો ઉપયોગ બંધ થઈ જશે. જ્યારે કોઈ ભાષા મરી જાય છે, ત્યારે એક મૂળ સંસ્કૃતિ અને તેની સાથે એક મૂળ સભ્યતા અદશ્ય થઈ જાય છે. બાળકો માટે શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ તેમની માતૃભાષા છે. બાળકો તેમની માતૃભાષામાં ઝડપથી શીખે છે, પરંતુ ચિંતાનો વિષય છે કે વિશ્વભરમાં ૪૦ ટકા બાળકો ઘરે બોલાતી અને સમજાતી ભાષામાં શિક્ષણ મેળવી શકતા નથી. આ વર્ષના આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની થીમ "બહુભાષી શિક્ષણના ભવિષ્યમાં યુવાનોની ભૂમિકા" છે. ગાંધીજીએ બાળકોના માનસિક વિકાસ માટે માતૃભાષાને એટલી જ જરૂરી માનતા હતા જેટલી શારીરિક વિકાસ માટે માતાનું દૂધ. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું હતું કે જો વિજ્ઞાનને જનતા સુધી સુલભ બનાવવું હોય, તો તે માતૃભાષા દ્વારા જ શીખવવું જોઈએ. શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાની હિમાયત કરતા તેમણે કહ્યું કે ૧૩-૧૪ વર્ષની ઉંમરે આપણા મન જ્ઞાનના પ્રકાશ અને લાગણીઓના સાર માટે ખુલ્લા થઈ જાય છે. જો તેમને તે જ ઉંમરે વિદેશી ભાષાના વ્યાકરણ અને શબ્દભંડોળને યાદ રાખવાની ફરજ પાડવામાં આવે તો તેઓ કેવી રીતે મજબૂત રહી શકે? નોંધનીય છે કે ટાગોરે ઈંગ્લેન્ડમાં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ મેળવ્યું હતું. જ્યારે તેમણે વિશ્વભારતી યુનિવર્સિટીની સ્થાપના કરી, ત્યારે તેમણે શિક્ષણના માધ્યમ તરીકે બંગાળીને પસંદ કરી. આપણે સમજવું જોઈએ કે ભાષા એ માનવ સંસ્કૃતિનો ખજાનો છે. વિશ્વની દરેક ભાષા પોતાની અંદર એક સંસ્કૃતિની વાર્તા ધરાવે છે. દરેક ભાષા શબ્દ નિર્માણ માટે અનંત શક્યતાઓથી ભરેલી છે. તેથી, માતૃભાષાના આત્મસન્માનને પોષવું જોઈએ. આપણા દેશની ભાષાકીય વિવિધતાની સુંદરતાને જાળવવા માટે અર્થપૂર્ણ પગલાં લેવાની જવાબદારી બધા ભારતીયોની છે. યુવા પેઢીમાં એક સંકલ્પ જગાડો કે તેઓ પોતાની માતૃભાષાને પોતાના અસ્તિત્વની ઢાલ માને અને તેની શક્તિ અને શક્તિને ભૂલવા ન દે.

ઈન્ડીયા-યુ.કે. ટ્રેડ ડીલ પછીની પ્રથમ ગુજરાત મુલાકાત

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ઈંગલેન્ડના વેસ્ટ મિડલેન્ડનું ડેલિગેશન

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દુનિયાના દેશો માટે ભારત વિશ્વાસુ મિત્ર તરીકે ઉભરી આવ્યું છે – મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ઈંગ્લેન્ડના વેસ્ટ મિડલેન્ડ કમબાઈન્ડ ઓથોરીટીના વેસ્ટ મિડલેન્ડના મેયરશ્રી રિચાર્ડ પાર્કર અને હાઈલેવલ ડેલીગેશને ગાંધીનગરમાં લીધી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલી યુ.કે.-ઈન્ડીયા ટ્રેડ ડિલ પછી આ ડેલિગેશન પ્રથમવાર ગુજરાત મુલાકાતે આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ મુલાકાત દરમિયાન ડેલિગેશનના સભ્યોએ ખાસ કરીને હાયર એજ્યુકેશન-ગ્રીન ઈકોનોમી અને EV, સ્કીલ ડેવલોપમેન્ટ, એ.આઈ., એડવાન્સ મેન્યુફેક્ચરીંગ જેવા વિવિધ ક્ષેત્રોમાં સહયોગની તત્પરતા વ્યક્ત કરી હતી.

ગુજરાતમાં ૨૦૩૦માં યોજનારી કોમનવેલ્થ ગેમ્સ માટે સ્પોર્ટ્સ ઈકોસીસ્ટમ અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચરના નિર્માણમાં યુ.કે. તજજ્ઞતાનું યોગદાન આપવા અંગે તેમણે મુખ્યમંત્રીશ્રી સાથે ફળદાયી ચર્ચાઓ કરી હતી. એટલું જ નહીં આ ગેમ્સના આયોજન સંદર્ભે મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળને વેસ્ટ મિડલેન્ડની મુલાકાતે આવવાનું આમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વના દેશો માટે ભારત વિશ્વાસુમિત્ર તરીકે ઉભરી આવ્યું છે. ગુજરાતને તેમના નેતૃત્વનો જે લાભ મળ્યો છે તેની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ૨૦૦૩ની વાયબ્રન્ટ સમિટથી ગુજરાત ગ્લોબલ ડેસ્ટીનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છેથી અને તેમના દિશા દર્શનમાં ગુજરાતે પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે વિવિધ પોલિસીઝ મેકીંગથી સેક્ટર સ્પેસીફિક ગ્રોથેનું વિઝન અપનાવ્યું છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વિકસિત ભારત ૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના લક્ષ્યમાં પણ ગુજરાત ગ્રીન ગ્રોથ સહિતના ઉભરતાં ક્ષેત્રોથી લીડ લેવા સજ્જ છે. યુ.કે.ને સહભાગીતાના આવા જે ક્ષેત્રોમાં રસ હોય તેમાં ગુજરાત સરકાર સંપૂર્ણ સહકાર આપવા ઉત્સુક છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આવા સેક્ટર્સ એક્સપ્લોર કરવા અને પરસ્પર વિકાસની સંભાવનાઓને ગતિ આપવા ગુજરાત સરકાર અને વેસ્ટમિડલેન્ડના અધિકારીઓની એક જોઈન્ટ વર્કીંગ ગ્રુપ બનાવવા તથા એ માટેના સંપર્ક સૂત્ર તરીકે ઈન્ડેક્સ-બીને નોડલ એજન્સી નિયુક્ત કરવાનું સૂચન કર્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટની આગામી કડી તથા ૨૦૨૭ના વાઈબ્રન્ટ સમિટમાં જોડાવાનું આમંત્રણ પણ મુખ્યમંત્રીશ્રીએ આ ડેલિગેશનને આપ્યું હતું.



આ હાઈ લેવલ ડેલિગેશનમાં વેસ્ટમિડલેન્ડ ગ્રોથ કંપનીના CEO શ્રી નેઈલ રામી, E. ON એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીના ચીફ કોમર્શીયલ ઓફિસર શ્રી વિજય ટાંક, યુનિવર્સીટી ઓફ વોર્વીક ઈનોવેશન ડિસ્ટ્રીક્ટના શ્રી ગ્રેગ કલાર્ક, બર્મીંગહાર્મ યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર શ્રી ડેવિડ, જી.ઈ.ડી.યુ ના મેનેજીંગ ડિરેક્ટર કેવિન મેકકોલે, એસ્ટન યુનિવર્સીટીના ચીફ કોમર્શીયલ ઓફિસર, યુનિવર્સીટીના ડેપ્યુટી પ્રો-વાઈસ ચાન્સેલર માર્ક લી, UKIFF ઈન્ડીયા ગ્લોબલ ફોરમના વિલિયમ કેન તથા મનોજ લાડવા જોડાયા હતાં. આ સૌજન્ય મુલાકાત વેળાએ ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતિ મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, ઉદ્યોગ કમિશ્નરશ્રી પી.સ્વરૂપ, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી ડો. વિક્રાંત પાંડે તેમજ ઈન્ડેક્ષબીના એમ.ડી. કેયૂર સંપટ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

કેન્દ્રિય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા ત્રણ દિવસ નાગાલેન્ડના પ્રવાસે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ પૂર્વોત્તર રાજ્યોના સર્વાંગી વિકાસને વેગ : કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા

### હાયર એજ્યુકેશન-ગ્રીન ઈકોનોમી અને EV- સ્કીલ ડેવલોપમેન્ટ- સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર-એ.આઈ.-એડવાન્સ મેન્યુફેક્ચરીંગ જેવા વિવિધ ક્ષેત્રોમાં સહયોગની તત્પરતા દર્શાવી સહયોગના ક્ષેત્રોમાં વધુ સંકલન માટે ગુજરાત-વેસ્ટ મિડલેન્ડની જોઈન્ટ વર્કીંગ ગ્રુપની રચના કરાશે

દિમાપુર/કોહીમા, નાગાલેન્ડઃ ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણના કેન્દ્રિય રાજ્યમંત્રી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ તેમની નાગાલેન્ડની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ઉત્તરપૂર્વી વિસ્તાર દેશની વિકાસ યાત્રામાં પ્રાથમિકતા ક્ષેત્ર તરીકે ઉભર્યો છે અને "ન્યૂ ઈન્ડિયા"ના વિઝનમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.




દિમાપુર જિલ્લામાં જાહેર કાર્યક્રમોને સંબોધતા અને નાગરિકો સાથે સંવાદ કરતા તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારની યોજનાઓ ગરીબ, ખેડૂત, યુવા અને મહિલાઓ – આ ચાર મુખ્ય સ્તંભોને કેન્દ્રમાં રાખીને અમલમાં મૂકાઈ રહી છે, જેથી સમાવેશી અને સમતોલ વિકાસ સુનિશ્ચિત થાય. તેમણે જણાવ્યું કે, પ્રદેશમાં આધુનિક સુવિધાઓ, કલ્યાણકારી યોજનાઓની અસરકારક અમલવારી અને રોજગારના અવસરોમાં નોંધપાત્ર વધારો થયો છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંગે તેમણે જણાવ્યું કે, આ નીતિ સર્વાંગી અને કૌશલ્ય આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે, જેમાં માતૃભાષામાં શિક્ષણ, ડિજિટલ શિક્ષણ અને શાળાકીય માળખાકીય સુવિધાઓના વિકાસ દ્વારા બાળકોને ભવિષ્ય માટે સજ્જ કરવામાં આવે છે. મુલાકાત દરમિયાન રાજ્યમંત્રીએ આયોઈમતિ ગામે આંગણવાડી કેન્દ્ર, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અને જલ જીવન મિશન પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું. કુડા ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો તેમજ પદમપુખુરી ગામે સ્વસહાય જૂથોની બહેનો સાથે બેઠક યોજીને સંવાદ કર્યો હતો.દરમિયાન સ્થાનીય સરપંચ, અને કાઉન્સિલ સભ્યો સાથે પણ મંત્રીએ સંવાદ કર્યો હતો. ખાદ્ય સુરક્ષા અંગે તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દેશભરમાં ૮૦ કરોડથી વધુ લાભાર્થીઓને નિઃશુલ્ક અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે, જે વિશ્વનો સૌથી મોટો ફૂડ સિક્યોરીટી કાર્યક્રમ છે. 'વન નેશન, વન રેશન કાર્ડ' વ્યવસ્થા દ્વારા પ્રવાસી મજૂરોને દેશના કોઈપણ ભાગમાં રાશન મેળવવાની સુવિધા મળી રહી છે.

મંત્રીએ આ અવસર પર જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબે 'વોકલ ફોર લોકલ'નો મંત્ર આપ્યો છે, ત્યારે નાગાલેન્ડના સ્થાનિક ઉત્પાદનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રોત્સાહિત કરવા તથા ગુણવત્તા જાળવવા પર ભાર મૂક્યો. મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે લક્ષપતિ દીદી પહેલની પ્રગતિનો પણ તેમણે ઉલ્લેખ કર્યો.

જિલ્લા અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને રાજ્યમંત્રીએ કેન્દ્ર સરકારની યોજનાઓની અમલવારીનું મૂલ્યાંકન કર્યું અને પૂર્વોત્તરરાજ્યોના સમાવેશી તથા સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

# મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકની ૧૩૪મી જન્મજયંતીઃ ગુજરાત વિધાનસભા ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદીએ ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી

'ઈન્દુચાચા'ના હુલામણા નામથી જાણીતા અને મહાગુજરાત આંદોલનના અગ્રેસર નેતા સ્વ. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની ૧૩૪મી જન્મજયંતી નિમિત્તે આજે ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદીએ સ્વ. ઈન્દુચાચાના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના લોકસેવાના કાર્યોને યાદ કર્યા હતા. આઝાદીની ચળવળમાં 'ઈન્દુચાચા'એ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. ઈન્દુલાલ યાજ્ઞિક સાદગી, નિઃસ્પૃહતા અને સંઘર્ષના પર્યાય હતા. આઝાદીની ચળવળમાં તેમણે મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે ખભેખભો મિલાવી સક્રિય ભૂમિકા ભજવી હતી. ખાસ કરીને ગુજરાતના સ્થાપના કાળના 'મહાગુજરાત આંદોલન'માં તેમનું નેતૃત્વ અજોડ રહ્યું હતું. તેઓ માત્ર એક રાજકીય નેતા જ નહીં, પરંતુ એક નીડર પત્રકાર, પ્રખર સાહિત્યકાર અને કિસાન-કામદાર પ્રવૃત્તિઓના સક્રિય સેવક પણ હતા.

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક વર્ષ ૧૯૫૭ થી ૧૯૭૨ દરમિયાન સાંસદ તરીકે કાર્યરત રહી પ્રજાહિતના પ્રશ્નોને મજબૂત રીતે વાચા આપી હતી. આ ઉપરાંત તેમણે આત્મકથા, નવલકથા, વ્યક્તિ-ચરિત્ર અને વિવિધ ગ્રંથો દ્વારા સાહિત્ય ક્ષેત્રે પણ બહોળું પ્રદાન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીએ ઈન્દુલાલ યાજ્ઞિકના જીવન વિશે પ્રેરણાદાયી



વક્તવ્ય આપ્યું હતું, જેની પ્રશંસા કરી ઉપાધ્યક્ષશ્રીએ વિદ્યાર્થીને 'સન્માન પત્ર' એનાયત કર્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રીમતી રીટાબહેન મહેતા, વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-પ્રિન્સ ચાવલા



નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના લગ્ન નોંધણીના નિયમો વચ્ચે ગુજરાત હાઈકોર્ટનો મોટો ચુકાદોઃ પુખ્તવયની પુત્રીને જીવનસાથી પસંદ કરવાનો અધિકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં હાલમાં લગ્ન નોંધણીના નિયમોમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના લગ્ન નોંધણીના નિયમો વચ્ચે ગુજરાત હાઈકોર્ટે વ્યકિતગત સ્વાતંત્ર્યને પ્રાધાન્ય આપતો એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો સંભાળાવ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટ કહ્યુ છે કે જયારે કોઈ યુવતિ પુખ્ત વયની હોય ત્યારે તેને તેની મરજી મુજબ જીવનસાથી પસંદ કરતા કોઈ રોકી શકતુ નથી.

આ કેસની મળતી માહિતી પ્રમાણે એક યુવતિએ પોતાના પિતાની મરજી વિરૂધ્ધ જઈને પ્રેમ લગ્ન કર્યા હતા, પુત્રીના આ નિર્ણયથી નારાજ પિતાએ ગુજરાત હાઈકોર્ટમા હેબીયસ કોર્પસ અરજી દાખલ કરી હતી. પિતાનો આક્ષેપ હતો કે તેમની પુત્રીને પરાણે ગોંધી રાખવામાં આવી છે અને તેને લલચાવી ફોસલાવી ને લઈ જવામાં આવી છે. પિતાની અરજી પર સુનાવણી કરતા હાઈકોર્ટે યુવતિની રજુઆત અને તેની વયમર્યાદાને ધ્યાને લીધી હતી. હાઈકોર્ટે આ મામલે કડક વલણ અપનાવતા મહત્વના મુદ્દાઓ ટાંકયા હતા. જેમાં કોર્ટે જણાવ્યુ હતુ કે બંધારણ મુજબ દરેક પુખ્ત નાગરીકને પોતાનો જીવનસાથી પસંદ કરવાની સ્વતંત્રતા છે. યુવતિએ પોતાની મરજીથી લગ્ન કર્યા હોવાનુ સ્પષ્ટ થતા હાઈકોર્ટે પિતા દ્વારા કરવામાં આવેલી હેબીયસ કોર્પસ અરજીને ફગાવી દીધી હતી.

કોર્ટે નોંધ્યુ હતુ કે પુખ્ત વયની વ્યકિત પર તેની પસંદગી બાબતે પિતા કે પરીવાર દબાણ લાવી શકે નહી, ગુજરાત હાઈકોર્ટે વધુમાં જણાવ્યુ હતુ કે જયારે દિકરી પુખ્ત વયની હોય અને તે પોતાની સુરક્ષિતતા અને લગ્ન અંગે સ્પષ્ટતા કરતી હોય ત્યારે કાયદો તેની પડખે ઉભો રહે છે. હાલમાં રાજયમાં લગ્ન નોંધણી માટે માતા પિતાની સહી ફરજીયાત કરવા જેવી માંગણીઓ અને નિયમો અંગે ચર્ચાઓ ચાલી રહી છે. તેવા સમયે હાઈકોર્ટનો આ ચુકાદો સ્પષ્ટ કરે છે કે વ્યકિતગત સ્વતંત્રતા અને બંધારણીય હકકો કોઈપણ વહિવટી નિયમો કરતા ઉપર છે. આ ચુકાદો એવા કિસ્સાઓ માટે ઉદાહરણરૂપ બનશે. જયાં પ્રેમ લગ્ન કરનાર યુગલોને પારીવારીક વિરોધનો સામનો કરવો પડે છે. કોર્ટે ફરી એકવાર સાબિત કર્યુ છે કે કાયદાની નજરમાં પુખ્ત વ્યકિતની સંમતિ જ સર્વોપરી છે.




નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

ભાવનગરમાં વીર માંધાતા કોળી સમાજના પ્રમુખ રાજુ સોલંકી અને યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ સમૂહ લગ્નનું આયોજન કર્યું

# ભાવનગરમાં ૧૫૧ યુગલોના સમૂહ લગ્ન, AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના CM ભગવંત માને આપી હાજરી

અરવિંદ કેજરીવાલ, ભગવંત માન, ઇસુદાન ગઢવી, ગોપાલ ઇટાલિયા, મનોજ સોરઠીયા અને સુધીર વાઘાણીએ ૧૫૧ નવવિવાહિત યુગલોને આશીર્વાદ આપ્યા





અમદાવાદ/ભાવનગર/ગુજરાત

આજે ભાવનગરના જવાહર મેદાન ખાતે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી ભગવંત માન એક સમૂહ લગ્ન સમારોહમાં ભાગ લીધો હતો. વીર માંધાતા સંગઠનના પ્રમુખ અને આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી, યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી અને સમગ્ર વીર માંધાતા સંગઠને આ સમૂહ લગ્ન સમારોહનું આયોજન કર્યું હતું. અરવિંદ કેજરીવાલ, ભગવંત માન, રાજુભાઈ સોલંકી અને બ્રિજરાજ સોલંકીની સાથે સાથે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા અને ધારાસભ્ય સુધીર વાઘાણી સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ, કાર્યકરો અને મોટી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજીએ પોતાના વિચાર વ્યક્ત કરતા કહ્યું કે,આજે ખૂબ જ શુભ દિવસ છે જ્યારે ૧૫૧ યુગલો એક સાથે લગ્ન કરી રહ્યા છે, અને ચારે બાજુ આનંદનું વાતાવરણ છે. હું આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી અને પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીને આવા પુણ્ય કાર્ય કરવા બદલ અભિનંદન આપવા માંગુ છું. હું વીર માંધાતા સંગઠનને પણ અભિનંદન આપવા માંગુ છું. રાજુભાઈ છેલ્લા ૧૨ વર્ષમાં ૨૦૦૦થી વધુ યુગલોના લગ્ન કરાવીને આ પુણ્ય કાર્ય કરી રહ્યા છે. હું આ બધા નવદંપતીઓને પણ અભિનંદન આપવા માંગુ છું જેઓ તેમના જીવનમાં નવી દિશામાં આગળ વધી રહ્યા છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે ભગવાન તમને પુષ્કળ ખુશી આપે અને તમે બધા ખૂબ સમૃદ્ધ થાઓ.

આજના કાર્યક્રમનું આયોજન વીર માંધાતા કોળી સમાજ દ્વારા કરવામાં આવી રહ્યું છે. દિલ્હીથી અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ અહીં હાજર છે. ગુજરાત અને દેશમાં કોળી સમાજ હંમેશા વિવિધ સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહે છે. કોળી સમાજે ગુજરાતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આપણા કોળી સમાજના બાળકો અત્યંત પ્રતિભાશાળી, મહેનતુ અને દેશભક્ત છે. તેથી, જો તેમને યોગ્ય શિક્ષણ, યોગ્ય કૌશલ્ય અને સારી તકો આપવામાં આવે તો તેઓ વધુ પ્રગતિ કરી શકે છે. જેમ અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, લોકપ્રિય ક્રિકેટર કોહલી, જે કોળી સમુદાયથી આવે છે, તે દુનિયામાં સમગ્ર દેશનું ગૌરવ વધારી રહ્યા છે. હું આજે અહીં આવેલા લોકો તથા આશીર્વાદ આપવા માટે અહીં આવેલા તમામ સાધુ સંતોને પણ બધાઈ આપું છું.

# અમદાવાદ એરપોર્ટ બન્યુ સ્મગલીંગ માટે હબઃ એરપોર્ટ પર પેટમાં સોનાની કેપ્સ્યુલ છુપાવીને લાવનાર યુવક ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોનાની દાણચોરીનો એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલીજન્સ યુનિટ એ અબુધાબી થી આવેલા એક ભારતીય મુસાફરના પેટ માં થી લાખોની કિંમતનુ સોનુ ઝડપી પાડીને સ્મગલીંગ ના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

મળતી વિગતો મુજબ ૧૯ ફેબ્રુઆરી ના રોજ અબુધાબી થી એર ઈન્ડીયાની ફલાઈટ નંબર ૩ એલ ૧૧૧ દ્વારા અમદાવાદ ઉતરેલા શાહરૂખ નામના મુસાફર પર કસ્ટમ્સ ને શંકા ગઈ હતી. એપીઆઈએસ પ્રોફાઈલીંગ દ્વારા મળેલી ચોકકસ બાતમીના આધારે અધિકારીઓએ તેને અટકાવી પુછપરછ શરૂ કરી હતી. શરૂઆતમા ગલ્લાતલ્લા કર્યા બાદ કડકાઈથી પુછપરછ કરતા મુસાફરે કબુલાત કરી હતી કે તેણે પોતાના શરીરમાં સોનાની કેપ્સ્યુલ્સ ગળીને છુપાવી છે. આરોપીની કબુલાત બાદ કસ્ટમ્સ વિભાગે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ પાસેથી જરૂરી



મંજુરી મેળવી હતી. ત્યારબાદ મુસાફરને તાત્કાલીક અમદાવાદ ની સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. મેડીકલ તપાસ અને એકસ-રે રીપોર્ટમાં તેના પેટમાં શંકાસ્પદ વસ્તુઓ હોવાની પુષ્ટી થઈ હતી. ડોકટરોની દેખરેખ હેઠળ મુસાફરના શરીરમાંથી કુલ ૪ શંકાસ્પદ ગોળાઓ બહાર કાઢવામાં આવ્યા હતા.

સરકારી મુલ્યાંકનકાર દ્વારા કરવામાં આવેલી તપાસમા જાણવા મળ્યુ કે રીકવર કરાયેલી વસ્તુઓમાંથી ૩ પીળા રંગની નળાકાર કેપ્સ્યુલ્સમાં ૨૪ કેરેટ શુધ્ધ સોનુ હતું. જેનુ કુલ વઝન ૧૩૫.૨૦૦ ગ્રામ નોંધાયુ હતું. જયારે ચોથી વસ્તુ લોખંડનો ગોળો હોવાનુ બહાર આવ્યુ હતું. જપ્ત કરાયેલા આ સોનાની બજાર કિંમત અંદાજે રૂપીયા ૨૧,૮૯,૫૬૪ લાખ આંકવામા આવી છે. કસ્ટમ્સ એકટ ૧૯૬૨ ની વિવિધ કલમો હેઠળ આ સોનુ જપ્ત કરી લેવામાં આવ્યુ હતું. મુસાફર શાહરૂખની ધરપકડ કરી લેવામાં આવી છે અને આ દાણચોરી પાછળ અન્ય કોઈ મોટી ગેંગ સંકળાયેલી છે કે કેમ તે અંગે એર ઈન્ટેલીજન્સ યુનિટ વધુ તપાસ ચાલવી રહ્યુ છે. એરપોર્ટ પર સુરક્ષા અને કડક ચેકીંગ હોવા છતાં દાણચોરો દ્વારા અપનાવવામાં આવતી આ જીવલેણ પધ્ધતિઓએ સુરક્ષા એજન્સીઓને પણ ચોંકાવી દીધી છે.

# નવસારીમાં હોસ્ટેલની વિદ્યાર્થીનીને જોઈ કેમ્પસ ડીરેકટરના મનમાં વાસનાનો કીડો સળવળ્યોઃ ઓફીસમાં બોલાવી કર્યા અડપલા

પ્રતિનિધિ,ગાંધીનગર

નવસારી જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રમાં બનતી શરમજનક ઘટના બહાર આવી છે. મહુવાસ ગામની હોસ્ટેલના ટ્રસ્ટી પિતાના ડાયરેકટર પુત્રએ પોત પ્રકાશ્યુ છે. શાળામાં ૧૧ સાયન્સમાં ભણતી અને હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીની સાથે અડપલા કર્યા હતા.

વિદ્યાર્થીની પાસે મોબાઈલ મળતા વોર્ડ ને મોબાઈલ લઈ લીધો હતો. વોર્ડને મોબાઈલ સંસ્થાના ટ્રસ્ટીના પુત્ર દિશાંત ઠાકોરને આપ્યો હતો. દિશાંત ઠાકોરે વિદ્યાર્થીનીને તપાસના બહાને બોલાવી શારીરિક અડપલા કર્યા હતા, ત્યારે આ મામલે વિદ્યાર્થીનીએ ફરીયાદ કરતા તેની માતાએ વાંસદા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસે પોકસો એકઠ હેઠળ સંસ્થાના ડાયરેકટરની ધરપકડ કરી છે.

આશ્રમ શાળામા ભણતી દિકરીઓ અસલામત હોવાના પુરાવાઓ આપતો બનાવ બનતા ચકચાર મચી જવા પામી છે. નવસારી જિલ્લામાં આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને પોતાનો અભ્યાસ પુરો કરતા હોય છે. જેમાં આદિવાસી વિસ્તારમાં પણ ઘણી હોસ્ટેલો કાર્યરત છે. નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના એક ગામડામાં શિવમ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા




સંચાલીત હોસ્ટેલમાં રહેતી ૧૭ વર્ષીય સગીરા કોઈકની સાથે ફોન ઉપર વાત કરી રહી હતી. હોસ્ટેલમાં ફોન પર વાત કરવા પર પ્રતિબંધ હોવા છતાં સગીરા ફોન પર વાત કરતા હોસ્ટેલની ગૃહમાતા જોઈ ગઈ હતી અને તેનો મોબાઈલ ફોન લઈ પનીસમેન્ટ ના ભાગરૂપે ડીરેકટરની ઓફીસમાં લઈ ગઈ હતી. જયાં કેમ્પસ ડીરેકટર દિશાંત કમલેશસિંહ ઠાકોરે મોબાઈલ લઈ તેને તપાસ્યો હતો. જેમાં પીડીતાના કોપ્રોમાઈઝ ફોટો દિશાંતના હાથે લાગ્યા હતા. જેને જોઈ તેના મનમાં વાસનાનો કીડો સળવળી ઉઠયો હતો.

દિશાંતે સગીરાને બ્લેકમેઈલ કરી તેની સાથે શારીરિક અડપલા કર્યા હતા અને સગીરા પાસે પણ પોતાના શરીર પર હાથ ફેરવડાવ્યો હતો. પોતાની સાથે થયેલ અસભ્યતાથી સગીરા હેબતાઈ ગઈ હતી.

સમગ્ર મુદ્દે પોતાની માતાને આપવીતી જણાવતા સગીરાના પરીવારમા કેમ્પસ ડીરેકટર દિશાંત વિરૂધ્ધ રોષ ભભુકી ઉઠયો હતો.

પીડીતાની માતાએ વાંસદા પોલીસ મથકે આરોપી નરાધમ અને વાંસદાના રાણી ફળીયા ખાતે રહેતા દિશાંત ઠાકોર વિરૂધ્ધ પોકસો અને એટ્રોસીટી એકટ હેઠળ ફરીયાદ નોંધાવતા હરકતમાં આવેલી વાંસદા પોલીસે શિક્ષણના નામે વ્યાભિચાર કરતા કેમ્પસ ડીરેકટર દિશાંત ઠાકોરની ધરપકડ કરી તપાસને વેગ આપ્યો છે તેવુ નાયબ પોલીસ અધિક્ષક હરેશ ચાંદુ એ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું.

# અમદાવાદ ખાતે વિશાળ બુથ કાર્યકર્તા સંમેલનને સંબોધીત કરતા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીન નવીન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીન નવીનની ગરીમામય ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે વિશાળ બુથ કાર્યકર્તા સંમેલન યોજાયુ હતું.

આ અવસરે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષ,પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી , કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ પ્રેરક શાહ, અમદાવાદ જિલ્લાના અધ્યક્ષ શૈલેષ દાવડા સહિત ભાજપા આગેવાનો, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીન નવીને કાર્યકર્તાઓના




વિશાળ જનસમુહને સંબોધીત કરતા જણાવ્યુ હતુ કે પુરુષાર્થી કાર્યકર્તાઓના કારણે જ આજે ભાજપનુ વટવૃક્ષ પ્રસ્થાપિત થયુ છે. ભાજપની સુંદરતા એ છે કે કાર્યકર્તા ગમે તેટલા ઉચ્ચ હોદ્દા પર પહોચે પણ તેનામાં કાર્યકર્તા ભાવ હંમેશા જીવંત રહે છે, તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે સત્તા એ શાસનનુ નહી સેવાનુ માધ્યમ છે. એક તરફ કોંગ્રેસમાં નીતી અને નિયતનો અભાવ છે, તો બીજી તરફ ભાજપા પાસે સ્પષ્ટ અને નિર્ણાયક નેતૃત્વ છે. આજે ગુજરાતનો યુવાન જોબ સીકર નહી પણ જોબ ગીવર બની રહ્યો છે. કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પ્રહાર કરતા તેમણે કહ્યુ હતુ કે રાહુલ ગાંધી માટે રાજનીતી માત્ર એક ઈવેન્ટ કે સ્ટન્ટ છે. રાહુલ ગાંધીની કોંગ્રેસ હવે અર્બન નકસલીઝમ નો ગઢ બની છે અને તે નકારાત્મકતા ફેલાવી દેશની છબી ખરડવાનુ કામ કરે છે. ઈતિહાસનો હવાલો આપતા તેમણે કહ્યુ હતુ કે નહેરૂ ગાંધી પરીવારે હંમેશા આંબેડકરજીનુ અપમાન કર્યુ છે. કોંગ્રેસની સરકાર જનતાને લાયબીલીટી સમજતી હતી જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૪૦ કરોડ દેશ વાસીઓને એસેન્ટ્સ માનીને દેશનો વિકાસ કરી રહ્યા છે.

તેમણે સ્પષ્ટ કહ્યુ હતુ કે ભાજપ હંમેશા જનતાના હિતમા કઠોર નિર્ણય લે છે. કારણ કે અમારૂ લક્ષ્ય તૃષ્ટીકરણ નહી પણ વિકાસ અને સાંસ્કૃતિક વિરાસતનુ પુનઃ ઉત્થાન છે. નીતીન નવીને વધુમાં જણાવ્યુ હતુ કે કોંગ્રેસ હવે આઝાદી વખતની કોંગ્રેસ નથી રહી, પણ ઈટાલીયન કોંગ્રેસ બની ગઈ છે. જે દેશના મુલ્યો સાથે ગદ્દારી કરી રહી છે. જયારે કમળ ખીલે છે ત્યારે દેશ મજબુત બને છે અને સાંપ્રદાયીક તાકાતો નબળી પડે છે. ભાજપનો કાર્યકર્તા માત્ર બુથ કે વોર્ડ જીતવા માટે નહી, પરંતુ સમગ્ર દેશને મજબુત કરવા માટે ચુંટણી લડે છે. આગામી સમયમાં જયારે ગુજરાતમાં મોટાપાયે રાજયવ્યાપી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવવાની છે ત્યારે તેઓએ ભાજપાની તરફેણમાં મહત્તમ અને વ્યાપક મતદાન થાય તે માટે સુસજજ સંગઠન વ્યવસ્થા સાથે કટીબધ્ધ બનવા આહવાન કર્યુ હતું.

# કઠાણા -વાસદ ખંડમાં વિશેષ Rail One એપ અભિયાન

વડોદરા મંડળ દ્વારા કઠાણા-વાસદ ખંડમાં RailOne એપ ના પ્રમોશન અને ડિજિટલ જાગૃતિ માટે તાજેતરમાં કોમર્શિયલ વિભાગ દ્વારા એક વિશેષ અભિયાન આયોજીત કરવામાં આવ્યું. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરાયેલા એક પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, વડોદરા મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ અભિયાન દરમિયાન કઠાણા થી વાસદ સ્ટેશન સુધી મુસાફરી કરતા મુસાફરો સાથે કોમર્શિયલ વિભાગના કર્મચારીઓએ સીધો સંવાદ સ્થાપિત કરી તેમને



RailOne એપ ડાઉનલોડ કરવા અને નોંધણી પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ અભિયાન અંતર્ગત આ ખંડમાં મોટાભાગના મુસાફરો ના MST (માસિક સીઝન ટિકિટ) ધારક હોવા તેમજ ઘણા મસાફરો પાસે કીપેડ મોબાઈલ હોવા જેવી વ્યવહારિક પડકારો હોવા છતાં ૦૭ મુસાફરો દ્વારા સફળતાપૂર્વક એપ ડાઉનલોડ અને નોંધણી કરવામાં આવી. વડોદરા મંડળ દ્વારા ડિજિટલ ટિકિટિંગને પ્રોત્સાહિત કરવા અને મુસાફરોને આધુનિક સુવિધાઓ સાથે જોડવાના હેતુથી આ પ્રકારના અભિયાનનું આયોજન નિયમિત રીતે સમયાંતરે કરવામાં આવે છે.

# રાજકોટના જંગલેશ્વર ડીમોલીશનનો મુદ્દો હાઈકોર્ટ પહોચ્યોઃ સ્થાનિક રહીશોએ કરી તાત્કાલીક સુનાવણીની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં વરસો જુના દબાણો સામે રાજકોટ મહાનગરપાલિકાએ લાલ આંખ કરી છે. આજી નદીના પટ્ટા અને ૧૫ મીટર ના ટી પી રોડ પર ખડકાયેલા ગેરકાયદેસર દબાણો દુર કરવા માટે તંત્ર દ્વારા વિશાળ સ્તરે તબકકાવાર ઓપરેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ કામગીરી હેઠળ અંદાજે ૧૪૦૦ થી વધુ મકાનોને જમીનદોસ્ત કરવાનુ લક્ષ્ય છે. આ ઓપરેશનને કોઈપણ વિધ્ન વગર પાર પાડવા માટે તંત્રએ ભારે સુરક્ષા બંદોબસ્ત ગોઠવ્યો છે. ૧૫૦૦ થી વધુ પોલીસ જવાનો અને મનપાના ૧૨૦૦ કર્મચારીઓનો કાફલો મેદાને ઉતાર્યો છે. આ ઉપરાંત ૨૦૬ થી વધુ મશીનરી સસજજ કરવામાં આવી છે. જેમાં ૬૪ જેસીબી , ૭ હીટાચી અને ૫૦ થી વધુ બ્રેકર્સ નો સમાવેશ થાય છે. કોઈપણ અનિચ્છિનિય ઘટનાને રોકવા માટે ફાયરબ્રિગેડ અને મેડીકલ ટીમોને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. તો બીજી તરફ સ્થાનિક



રહીશોએ મનપાની આ કાર્યવાહીને ગુજરાત હાઈકોર્ટમાં પડકારી છે. સ્થાનિકોએ અરજીમા તાત્કાલીક સુનાવણીની માંગ કરી છે. જેના કારણે હવે સૌની નજર હાઈકોર્ટના ચુકાદા પર ટકેલી છે. જો કે તંત્રની સમજાવટને પગલે અત્યાર સુધીમાં ૧૧૫ રહેવાસીઓએ સ્વેચ્છાએ પોતાના ઘર ખાલી કરવાનુ શરૂ કરી દીધુ છે.

મનપાના કહેવા પ્રમાણે આ કામગીરી થી ટીપી સ્કીમ નંબર ૬ નો રસ્તો ખુલશે અને ટ્રાફીકની સમસ્યા હળવી થશે, આ ઉપરાંત આજી નદીના કાંઠેથી દબાણો દુર થતા ચોમાસામાં સર્જાતી પુર ની ગંભીર સમસ્યામાંથી જંગલેશ્વરના લોકોને કાયમી મુકિત મળશે. તંત્રએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આજે ૨૩ ફેબ્રુઆરી પહેલા મકાન ખાલી નહી કરનાર ની માલ મિલ્કતના નુકશાનની જવાબદારી તંત્રની રહેશે નહી.

# ભાજપ લઘુમતિ મોરચાના નવા અધ્યક્ષ રઉફ શેખ વિરૂધ્ધ પૂર્વ મહામંત્રીની રાષ્ટ્રીય અધ્યક્ષને ગંભીર ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપ દ્વારા નવા શહેર અને જિલ્લા સંગઠન માળખાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ આ જાહેરાત બાદ અનેક જગ્યાએ આંતરીક અસંતોષ ફાટી નિકળ્યો છે. નવસારીમાં રાજીનામાના દોર બાદ હવે અમદાવાદ શહેર ભાજપમાં ભડકો થયો છે. લઘુમતિ મોરચાના નવનિયુકત અધ્યક્ષ રઉફ શેખ વિરૂધ્ધ મહામંત્રીએ ગંભીર આક્ષેપો સાથે હાઈકમાન્ડના દ્વાર ખખડાવ્યા છે. લઘુમતિ મોરચાના પૂર્વ મહામંત્રી અહેમદ પટેલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા (પ્રભારી નીતીન નવીન) ને ઈમેઈલ કરીને રઉફ શેખ ની નિમણુંક વિરૂધ્ધ સખત વિરોધ નોંધાવ્યો છે. આ ઈમેઈલ મા રઉફ શેખ ને પક્ષની વિચારધારા થી તદ્દન વિપરીત વ્યકિત ગણાવવામાં આવ્યા છે. અહેમદ પટેલે કરેલા




આક્ષેપો મુજબ રઉફ શેખ ગુન્હેગાર માનસિકતા ધરાવે છે અને તેમની સામે ગંભીર ફરીયાદો છે, જેમને ભાજપના પાયાના માળખા એટલે કે બુથ સમિતિ કે પેજ સમિતિ વિશે પ્રાથમિક જાણકારી પણ નથી, તેમને અધ્યક્ષ પદ સોંપાતા પાયાના કાર્યકરોમાં રોષ છે. રઉફ શેખે અગાઉ સોશીયલ મીડીયા પર ભાજપની કેન્દ્રીય નેતાગીરી વિરૂધ્ધ પોસ્ટ કરી છે અને કોંગ્રેસના દિવંગત નેતાઓના ગુણગાન ગાતી પોસ્ટ પણ શેર કરેલી છે. ફરીયાદોમાં એવો પણ ઉલ્લેખ છે કે તેમને ગુજરાતી ભાષાનુ પણ પુરતુ જ્ઞાન નથી, આ સમગ્ર વિવાદ અંગે જયારે અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ ને મીડીયા દ્વારા પુછવામાં આવતા તેમણે આ મામલે કંઈપણ કહેવાનો ઈન્કાર કરી દીધો હતો. શહેર પ્રમુખનુ આ મૌન ઘણુ બધુ કહી જાય છે. પક્ષના આંતરીક સુત્રોના જણાવ્યા મુજબ નવી નિમણુંકોમાં પાયાના કાર્યકરોની અવગણના થતા આગામી દિવસોમાં આ વિરોધ વધુ ઉગ્ર બની શકે છે.

# કારખાનેદારનો આર્થિક સંકળામણના કારણે ઝેરી દવા પી લઈ આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં રહેતા બ્રાસપાર્ટના એક કારખાનેદારે આર્થિક સંકળામણના કારણે ઝેરી દવા પી લઈ આપઘાત કરી લેતાં ભારે ચકચાર જાગી છે. આર્થિક સંકળામણના કારણે અને અમુક વ્યક્તિની પૈસાની ઉઘરાણી અને ધાક ધમકીના કારણે આપઘાત કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. મૃતકે લખેલી બે પાનાની સુસાઇડ નોટ પોલીસે કબજે કરી લઈ વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરના ગોકુલ નગર નજીક મુરલીધર નગર શેરી નંબર -૮માં રહેતા અને બ્રાસપાટનું કારખાનું ધરાવતા ભાવિનભાઈ દેવકરણભાઈ સાંગાણી નામના ૩૬ વર્ષના પટેલ કારખાનેદાર યુવાને ગઈકાલે મોડી સાંજે ખારા બેરાજા નજીક એક મંદિર તરફ જવાના કાચા રસ્તે ઝેરી દવા ના ટીકડા ખાઈ લઈ આત્મહત્યા કરી લીધી છે, જેનું સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવ અંગે ખારા બેરાજા ગામના સરપંચ ના ભાઈએ પોલીસને જાણ કરતાં બેડી મરીન પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ એસ. કે. જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી સમગ્ર બનાવ બાબતે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

મૃતક કારખાનેદારે ખાઈ લીધેલા ઝેરી દવા ના ટીકડા સ્થળ પરથી મળી આવ્યા હતા, જ્યારે તેની પાસેથી બે પાનાની સુસાઇડ નોટ પણ મળી આવી હતી. જેમાં ઢીંચડા ગામના એક શખ્સ સહિત ચારથી પાંચ વ્યક્તિના નામો નો ઉલ્લેખ કર્યો હતો, અને આર્થિક સંકળામણ અને માનસિક ત્રાસ હોવાના કારણે આખરે જિંદગીથી હારી થાકી જઈ આ પગલું ભરી રહ્યા હોવાનું ચિઠ્ઠી ના માધ્યમ થી જાણવા મળી રહ્યું છે. પોલીસે સુસાઇડ નોટ કબજે કરી લઈ તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જ્યારે તેની પત્ની પુષ્પાબેન નું નિવેદન નોંધ્યુ છે. આગામી દિવસોમાં આ પ્રકરણમાં નવા ખુલાસાઓ થઈ શકે તેમ છે. મૃતક યુવાન બ્રાસ પાર્ટનું કારખાનું ધરાવે છે, ઉપરાંત તેની જમીન પણ આવેલી છે, અને તાજેતરમાં એક ભરવાડ ની સાથે રહીને ભેંસો માટેનો તબેલો પણ બનાવ્યો હતો. જે તબેલા તરફ જવાના રસ્તામાં તેણે આત્મહત્યાનું પગલું કરી લીધું હતું. આ બનાવને લઈને પરિવારમાં ભારે શોક ની લાગણી ફેલાઈ છે. મૃતક યુવાનનો ૧૬ વર્ષનો પુત્ર કે જે દસમાં ધોરણમાં અભ્યાસ કરે છે, જેની તાજેતરમાં પરીક્ષા પણ શરૂ થવાની છે. જેથી બાળક પર પણ તેની ગંભીર અસર જોવા મળી રહી છે.

# લિંબાયત ઝોનના ફરાર ઝોનલ અધિકારી વિપુલ ગણેશવાલાની માલ મિલકતની તળીયા ઝાટક તપાસ કરી ભ્રષ્ટાચારની જડ સુધી જવું જરૂરી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા વિપુલ ગણેશવાલા અને તેમના સેટીંગબાજ પત્રકાર પરવાના વિરુધ્ધ એસીબી માં ફરિયાદ દાખલ થતાં રૂપિયા ચાર લાખ રોકડા લઈને નાસી છૂટેલા પરવાનાની સાથે-સાથે વિપુલ ગણેશવાલા પણ ભૂગર્ભમાં ઉતરી જવા પામ્યા છે.

સદર ગણેશવાલા અંગે એમ કહેવાય છે કે એમની આગળ ફરજ બજાવી ગયેલા મહિલા કાર્યપાલક ઈજનેરે જે જે ગેરકાયદેસર બાંધકામોના ડીમોલિશન કરેલા એ બધા જ ગેરકાયદેસરના બાંધકામો વચેટીયાની ભૂમિકા ભજવનારા પત્રકાર ઈસ્માઈલ ઉર્ફે પરવાના ના સેટિંગ થી વિપુલ ગણેશવાલાએ ઉભા કરાવીને રોકડી કરવાનું પાપ કરી મકાન માલિકો પાસે લાંબી એવી રકમ પણ અંકે કરવાનું સંભળાઈ રહ્યું છે.

એક બાજુ શહેરમાં ગેરકાયદેસર ઉભી થતી ઈમારતોના પાપે તક્ષશિલા જેવા કાંડ સર્જાય છે છતાં એમાંથી શિખવાને બદલે માત્ર ને માત્ર પોતાનો સ્વાર્થ સાંધવા આડેધડ ઉભી થઈ રહેલી ગેરકાયદેસર મિલકતોને વચેટીયા પત્રકારને હાથો બનાવી દેખાવ પૂર્તિ નોટિસો પાઠવીને મિલકત ધારકોને સાંણસામાં લેવામાં આવતા હતા. એમ કહેવાય છે કે ભ્રષ્ટ ઈજનેર ગણેશવાલા ના સમયમાં જ લિંબાયત વિસ્તારમાં ૪૦ થી ૫૦ જેટલા ગેરકાયદેસર શૈક્ષણિક ધામો ઉભા થઈ ગયા છે. જે સેટિંગ બાજ પત્રકાર પરવાના અને ગણેશવાલા ની જ રહેમ નજર હેઠળ ધમધમી રહ્યા છે.




માહિતી તો એવી પણ મળી છે કે લિંબાયત, નવાગામ, ડિંડોલી ના કોર્પોરેટરોની બેદરકારી કહો કે ડરના કારણે અનેક લોકોને ભારે નુકસાન થયેલ છે. એટલું જ નહીં આ મહાનગરના બૌધ્ધિક માફિયા જેવા ગણેશવાલા એ કરોડોનો ભ્રષ્ટાચાર કરીને કરોડોની મિલકતો અને ગાડી વસાવી છે. એટલું જ નહીં ગણેશવાલાએ દિકરાના લગ્નમાં કરેલો ખર્ચો પણ દોઢ કરોડ ઉપરનો છે. ત્યારે જો નગર સેવકો જાગૃત અને સક્રિય હોત તો ગણેશવાલાની આ હિમ્મત ના થાત. અહીં સવાલ એ ઉપસ્થિત થાય છે કે આ વિસ્તારના કોર્પોરેટરો ને આખરે કોનો ડર સતાવી રહ્યો હતો કે એમની બોલતી બંધ હતી.

એટલું જ નહીં લિંબાયત વિસ્તારમાં રહેતો સામાન્ય બે રૂમ રસોડાનો માલિક પણ ગણેશવાલા ના કરતૂતોથી સારી રીતે માહિતગાર હશે એમ માનવું ખોટું નથી જ.

હદ તો ત્યારે થઈ ગઈ કે લિંબાયતના ભાજપના જ માજી કોર્પોરેટરે પણ પોતાના બાંધકામ માટે થયેલી હેરાનગતિ અને કટકી કર્યા પછી પણ એને મજબૂરીથી મિલકત વેચવાનો વારો આવ્યો. એનાથી મોટી શરમજનક બાબત શું હોઈ શકે? આ રીતે ગણેશવાલાએ ગેરકાયદેસર ઉભા કરાતા બાંધકામોની વિગતો મેળવવા માટે લિંબાયત માં અનેક વચેટીયાઓ રોકેલા હોવાનું પણ આધારભૂત સૂત્રો ધ્વારા જાણવા મળેલ છે. આમ ગણેશવાલા પોતાની પૈસાની ભૂખ સંતોષવા કાયદેસરના દસ્તાવેજ વાળા હયાત મકાનોને પણ તોડવાની નોટિસો આપી મિલકતદારને લાંબી રકમમાં ખંખેરી નાંખતા આખરે પાપનો ઘડો ભરાયો અને ફૂટ્યો છે.

ત્યારે એટલું જ કહેવાનું કે વિપુલ ગણેશવાલાની આવક એની સામે એણે દિકરાના લગ્નમાં કરોડોનો કરેલો ખર્ચ,બેંકના લોકરો, રોકડ અને દાગીના સહિત મકાન,વાહન વિગેરેની તળિયા ઝાટક તપાસ કરી છઝમ એ ભ્રષ્ટાચારીને જિંદગી જેલમાં વિતે એવો દાખલો બેસાડવો જરૂરી છે. તો જ ભ્રષ્ટાચાર ખટમ થશે.

# ટ્રમ્પના ટેરિફને અમેરિકાની સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય અને અન્યાયી ગણાવ્યો: ઈસુદાન ગઢવી

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી ખૂબ જ ગંભીર મુદ્દા પર પોતાનો વિચાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજના ન્યુઝ પેપરમાં એક સમાચાર આવ્યા કે ભારતીય મૂળના નીલ કાત્યાલે અમેરિકામાં ટ્રમ્પ ટેરિફના નિર્ણયને પડકાર્યો. નીલ કાત્યાલે આ જે ટેરીફની અને ટ્રેડ ડીલના નિર્ણયોની વાતો ચાલી રહી છે તેને અમેરિકાના સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ત્યારબાદ અમેરિકાની સુપ્રીમ કોર્ટે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા વ્યાપક ટેરીફને ગેરબંધારણીય અને અન્યાયી ગણાવ્યો. તો અમેરિકા અને ભારત વચ્ચે જે ટ્રેડ ડીલ થઈ છે અને એ સિવાય અમેરિકાએ બીજા દેશો પર જે ટેરિફ લગાવ્યો છે એ અન્યાયી અને ગેરબંધારણીય છે એ વાત અમેરિકાનું સુપ્રીમ કોર્ટ કહી રહ્યું છે. અને આ બાબતે ભારતીય મૂળના નીલ કાત્યાલને ચિંતા થઈ અને તેમણે ટ્રમ્પના નિર્ણયને પડકાર્યો હતો.

વધુમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી જણાવ્યું હતું કે, હવે આ ન્યૂઝપેપરના છેલ્લા પેજ પર જોવામાં આવે તો આપણને ખ્યાલ આવશે કે કઈ રીતે આપણને મૂર્ખ બનાવી રહ્યા છે અને આપણા પૈસાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે છે. આ ન્યુઝ પેપરમાં મોટી એડ આપવામાં આવી છે અને એમાં લખવામાં આવી છે કે "કૃષિ ક્ષેત્રે સમૃદ્ધિની નવી લહેર, ભારત અમેરિકા ટ્રેડ ડીલ અને કેન્દ્ર અને ગુજરાતનું ખેડૂતલક્ષી બજેટ" આ એડ પરથી દેખાઈ રહ્યું છે કે કઈ રીતે ખેડૂતોને ભરમાવવામાં આવી રહ્યા છે. આ એડ ફક્ત એક પેપરમાં નહીં હોય, આવી અનેક એડ ગુજરાતભરના ન્યૂઝપેપરોમાં તમને જોવા મળશે પરંતુ સાચી હકીકત પહેલા પેજ પર લખેલી છે છે કે ટ્રમ્પ સરકારનો નિર્ણય ગેરબંધારણીય અને અન્યાયી છે પરંતુ આપણા અહીંયા પ્રજાના પૈસે મોટી મોટી જાહેરાતો આપવામાં આવે છે. પ્રજાને ભ્રમિત કરવા માટેનો આ ખેલ છે જાહેરાતોનો, ચહેરા ચમકાવવાનો, પ્રજાને મૂર્ખ બનાવવાનો અને લૂંટવાનો.

# ભાજપને લઈ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સર્વેમાં આવ્યા માઠા સમાચાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં નજીકના સમયગાળામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે ત્યારે રાજકીય પક્ષો દ્વારા સેમી વિધાનસભા ગણાતી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીતવા રાજકીય પક્ષોએ અત્યાર થી જ સભાઓ ગજવવાનુ શરૂ કર્યુ છે. તેની વચ્ચે એક ભાજપના ધારાસભ્યના સર્વેમાં ભાજપ માટે ચોંકાવનારો અહેવાલ બહાર આવ્યો છે. આ સર્વે મીડીયા દ્વારા નહી પણ ખુદ ભાજપના ધારાસભ્યના સર્વેમાં ચોંકાવનારો અહેવાલ બહાર આવ્યો છે. જેમાં સાબરકાંઠા જિલ્લાની ૩ બેઠકોમાંથી માંડ એક બેઠક ભાજપ જીતી શકે છે, જેમાં હિંમતનગર બેઠક ભાજપ માટે ટેન્શન લાવી શકે છે, કારણ કે ભાજપનો જુથવાદ, હુડાનો વિરોધ મહત્વનુ પરીબળ ભજવી રહ્યો છે. કારણ કે તાલુકાના ૧૧ ગામડાના ખેડુતોમાં કેટલાક બુધ્ધિજીવી વર્ગ એવુ વિચારી રહ્યો છે કે ભાજપ સરકાર દ્વારા માત્ર હુડા રદ કરવાની લોલીપોપ આપવામાં આવી છે. તો બીજી તરફ પાયાના કાર્યકરોમાં પણ નારાજગી મહત્વનુ પરીબળ ભજવી રહી છે. તો બીજી તરફ ધારાસભ્યના સર્વેમાં અરવલ્લી જિલ્લાની તમામ ત્રણેય બેઠકો ભાજપને ટેન્શનમા લાવી દે તેવા અહેવાલ સર્વેમાં બહાર આવ્યા છે. અરવલ્લી જિલ્લામાંથી સરકારના મંત્રી પદે બિરાજેલા મંત્રીના કાર્યાલય ખુદ અંગત મદદનીશ જ જિલ્લાના મુલાકાતીઓને જાહેરમાં મીડીયાની હાજરીમાં કહેતો ફરે છે કે સરકારમાં કામ થતા નથી, શું કરવા મંત્રી પાસે ભલામણો કરાવો છો, આ વાત થી ખુદ મંત્રી વાકેફ હોવા છતાં પીએ વિરૂધ્ધ આજદીન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, તે પણ એક અરવલ્લી જિલ્લાની બેઠકો ઉપર ભાજપને નુકશાન કરાવી શકે છે. જે હોય તે પરંતુ ભાજપના ધારાસભ્યના સર્વેમાં આવેલ અહેવાલ થી ખુદ ભાજપના નેતાઓમાં ચિંતાના વાદળો ઘેરાયા છે.



### સોમનાથથી યાત્રાનો પ્રારંભ, ૮ માર્ચે ગાંધીનગરમાં મહાજનસભામાં અરવિંદ કેજરીવાલની ઉપસ્થિતિમાં સમાપન : પ્રવીણ રામ AAP

# ઈન્ડિયા—યુએસ ટ્રેડ ડીલ સામે AAPનું મહા અભિયાન, "પરિવર્તન લાવો,ખેડૂત બચાવો"ની જાહેરાત

### ખેડૂતોના પ્રશ્નોને લઈ રાજયવ્યાપી "પરિવર્તન લાવો, ખેડૂતો બચાવો" યાત્રાની શરૂઆત ૨૪ ફેબ્રુઆરીથી : પ્રવીણ રામ AAP

અમદાવાદ/જૂનાગઢ/ગુજરાત

આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવિણ રામ, પ્રદેશ મહામંત્રી સાગર રબારી અને પ્રદેશ ફ્રન્ટલ મહામંત્રી સામત ગઢવીએ પત્રકાર પરિષદ દ્વારા મીડિયાને સંબોધિત કર્યા હતા. આ પ્રસંગે ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવિણ રામે જણાવ્યું હતું કે ઈન્ડિયા—યુએસ ટ્રેડ મામલે આમ આદમી પાર્ટી ગ્રાઉન્ડ લેવલે લડી રહી છે અને તેના કારણે ખેડૂતોને થનારા સંભવિત નુકસાનને ધ્યાનમાં રાખીને "પરિવર્તન લાવો, ખેડૂતો બચાવો" નામે એક મહા અભિયાનની જાહેરાત કરવામાં આવી છે. આ મહા અભિયાન અંતર્ગત તેમજ ખેડૂતો ઉપર થયેલા દમન, ખોટા કેસો અને વર્તમાન કૃષિ પ્રશ્નોને ધ્યાનમાં રાખીને રાજયવ્યાપી "પરિવર્તન લાવો, ખેડૂતો બચાવો" યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી અને પ્રદેશ મહામંત્રી મનોજભાઈ સોરઠિયા સતત જોડાયેલા રહેશે. ઉપરાંત પાર્ટીના અન્ય નેતાઓ અને ધારાસભ્યો પણ વિવિધ વિસ્તારોમાં યાત્રામાં જોડાશે.




AAP નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતના ખેડૂતો છેલ્લા ત્રીસ વર્ષથી સરકારની નીતિઓના કારણે પાયમાલ થઈ રહ્યા છે. નકલી બિયારણ, ખાતરની અછત, ગુણવત્તાયુક્ત જંતુનાશક દવાઓ ન મળવી, સિંચાઈ માટે પૂરતું પાણી ન મળવું, પાકને યોગ્ય ભાવ ન મળવો, MSP મુજબ પૂર્ણ ખરીદી ન થવી અને સહાય-વળતર સમયસર ન મળવું જેવી સમસ્યાઓ યથાવત્ છે. દેવામાફી જેવી માંગણીઓ લાંબા સમયથી બાકી છે. તાજેતરના બજેટમાં પણ ખેડૂતો માટે કોઈ નવી અસરકારક યોજના જાહેર કરવામાં આવી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે ઈન્ડિયા—યુએસ ટ્રેડ ડીલના કારણે અમેરિકાથી આવનાર કૃષિ ઉત્પાદનના કારણે સ્થાનિક ખેડૂતોને બજારમાં ટકી રહેવું મુશ્કેલ બનશે. તેથી સમગ્ર ગુજરાતના ખેડૂતોના હિત માટે આ મહા આંદોલન અને યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે યાત્રાની શરૂઆત ૨૪ તારીખે સોમનાથ ખાતે ભગવાન સોમનાથના દર્શન કરીને કરવામાં આવશે. ૧૦૮ દિવસના જેલવાસ બાદ પ્રવિણ રામ ખેડૂતો વચ્ચે પ્રથમ વખત જઈ રહ્યા છે. તેમણે જણાવ્યું કે સોમનાથમાં દર્શન કર્યા બાદ તેમના જન્મસ્થળે પ્રથમ સભાનું આયોજન થશે, જ્યાં તેઓ માતા-પિતાના આશીર્વાદ લઈ યાત્રામાં જોડાશે અને ખેડૂતોની વચ્ચે જઈ તેમની સમસ્યાઓ ઉઠાવશે.

પરિવર્તન લાવો ખેડૂત બચાવો યાત્રા અંતર્ગત ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ જૂનાગઢ લોકસભા વિસ્તારમાં સોમનાથ, તાલાળા અને માંગરોળ વિધાનસભાઓ આવરી લેવામાં આવશે. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોરબંદર લોકસભા વિસ્તારમાં કેશોદ અને જેટપુર વિધાનસભાઓમાં કાર્યક્રમ યોજાશે. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોરબંદરના માણાવદર અને કુતિયાણા તેમજ જામનગરના ખંભાળિયા વિસ્તારમાં કાર્યક્રમ રહેશે. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ જામનગર લોકસભા વિસ્તારમાં ખંભાળિયા અને જામનગર ઉત્તર વિધાનસભાઓ આવરી લેવામાં આવશે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ જામનગર દક્ષિણ, જામનગર ગ્રામ્ય અને કાલાવડમાં કાર્યક્રમ યોજાશે. ૧ માર્ચ ૨૦૨૬ના રોજ રાજકોટ લોકસભા વિસ્તારમાં રાજકોટ પશ્ચિમ અને રાજકોટ ગ્રામ્ય તેમજ પોરબંદર લોકસભાના ગોંડલમાં કાર્યક્રમ રહેશે. ૨ માર્ચ ૨૦૨૬ના રોજ રાજકોટના જસદણમાં કાર્યક્રમ યોજાશે. ૫ માર્ચ ૨૦૨૬ના રોજ સુરેન્દ્રનગર લોકસભા વિસ્તારમાં ધાંગધ્રા અને ચોટીલા, ૬ માર્ચ ૨૦૨૬ના રોજ વઢવાણ અને લિંબડી તથા ૭ માર્ચ ૨૦૨૬ના રોજ વિરમગામમાં કાર્યક્રમ યોજાશે. અંતે ૮ માર્ચ ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે પરિવર્તન લાવો ખેડૂત બચાવો જનસભાનું આયોજન કરવામાં આવશે. જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રિય સંયોજક અરવિંદ કેજરીવાલ ઉપસ્થિત રહેશે.

આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ મહામંત્રી સામત ગઢવીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે વરસાદી સીઝન દરમિયાન ખેડૂતોને યોગ્ય પ્રમાણમાં અને સારી ગુણવત્તાવાળું બિયારણ ઉપલબ્ધ થતું નથી. વાવણી બાદ ખાતર માટે ખેડૂતોને લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે અને ઘણી વખત ગુણવત્તાયુક્ત જંતુનાશક દવાઓ પણ મળતી નથી.છેલ્લા ત્રીસ વર્ષથી સત્તામાં રહેલી સરકાર છતાં ગુજરાતમાં સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ નથી. ખેડૂતો મુશ્કેલ પરિસ્થિતિમાં મહેનત કરીને પાક ઉત્પાદન કરે છે, પરંતુ MSPના ભાવે સંપૂર્ણ ખરીદી થતી નથી. સરકાર દ્વારા ખરીદાયેલા પાકના પૈસા પણ સમયસર ખેડૂતોના ખાતામાં જમા થતા નથી.દુષ્કાળ અથવા અતિવર્ષા જેવી પરિસ્થિતિમાં ખેડૂતોને મળતી સહાય પૂરતી અને સમયસર મળતી નથી. આ પરિસ્થિતિને કારણે ગુજરાતના ખેડૂતો લાંબા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. આમ આદમી પાર્ટી ગુજરાતના ખેડૂતોના હિત માટે સંઘર્ષ કરતી રહી છે અને ભવિષ્યમાં પણ સતત લડત આપશે. ખેડૂતોને ન્યાય અને સમૃદ્ધિ મળે તે માટે પાર્ટી દ્વારા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

# રાજય સરકારનુ દેવુ ૨૦૨૫-૨૬ માં ૪,૪૫,૫૩૭ કરોડ અને ૨૦૨૬-૨૭ માં ૪,૮૭,૦૬૯ કરોડ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા નાણાંકીય આંકડાઓ ગુજરાતની આર્થિક સ્થિતિ અને વધતા જતા દેવા તરફ ઈશારો કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૩-૨૩ થી વર્ષ ૨૦૨૮-૨૯ સુધીના અંદાજો સરકારના બજેટમાં દસ્તાવેજોમાં દર્શાવાયા છે. તે જોતા કહી શકાય કે રાજયના જાહેર દેવામાં સતત અને મજબુત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ગુજરાત રાજયનુ કુલ જાહેર દેવુ રૂપીયા ૩, ૫૨, ૭૧૭ કરોડ હતુ, જે વર્ષ ૨૦૨૪-૨૫ ના સુધારેલા અંદાજ મુજબ વધીને રૂપીયા ૪,૩૦,૩૨૦ કરોડ પર પહોચ્યુ છે.



આ માત્ર એક વર્ષના સમયગાળામાં આશરે રૂપીયા ૭૭ હજાર કરોડથી વધુનો ઉછાળો દર્શાવે છે. પરંતુ અસલી ચિત્ર આગામી વરસોમા વધુ ગંભીર જણાય છે, કારણ કે નાણાંમંત્રી કનુભાઈએ ગુજરાત સરકારનુ વર્ષ ૨૦૨૬-૨૭ માટે જે બજેટ રજુ કર્યુ છે તેના દસ્તાવેજો મુજબ વર્ષ ૨૦૨૫-૨૬ માં ૪,૪૫,૫૩૭ કરોડ અને વર્ષ ૨૦૨૬-૨૭ માં ગુજરાત સરકારનુ કુલ દેવુ વધીને ૪,૮૭, ૦૬૯ કરોડ થવાનો અંદાજ છે. જયારે સરકારના દેવાનો આ આંકડો વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં વધીને રૂપીયા ૫,૬૬,૮૪૫ કરોડ સુધી પહોચે એવો અંદાજ મુકાયો છે. આગામી ૫ વર્ષમાં રાજયનુ જાહેર દેવુ આશરે રૂપીયા ૨.૨૪ લાખ કરોડ જેટલુ વધી જશે, એટલે કે ૨૦૨૩ ની સરખામણીએ ૨૦૨૯ માં સરકારનુ જાહેર દેવુ ૬૫ ટકા જેટલુ વધારે હશે, દર વરસે સરેરાશ રૂપીયા ૪૫ હજાર કરોડ નુ નવુ દેવુ ઉમેરાય તેવો અંદાજ છે. જો કે સારી બાબત એ છે કે રાજયનુ કુલ ઉત્પાદન પણ ૬૮ ટકાના દરે વધવાની ધારણા છે. દેવુ વધતા છતાં ઉત્પાદનના પ્રમાણમાં દેવાની ટકાવારી ૧૪.૩૮ ટકા થી ઘટીને ૧૩.૭૪ થશે. આનો અર્થ એ છે કે રાજયની આવક વધવાની ક્ષમતા દેવા કરતા સહેજ વધુ ઝડપી છે. સૌથી વધુ ચોંકાવનારો આંકડો રાજકોષીય ખાદ્ય નો છે જે ૨૫૧ ટકા નો વધવાનો અંદાજ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં આ ખાદ્ય માત્ર ૨૩૪૬૩ કરોડ હતી. જે ૨૦૨૮-૨૯ માં વધીને ૮૨૫૧૮ કરોડ થઈ શકે છે. આ ખાદ્ય સુચવે છે કે સરકાર ખર્ચને પહોચી વળવા માટે ઉધાર લેવા પર વધુ નિર્ભ રહેશે. વર્ષ ૨૦૨૩-૨૪ માં સરકાર પાસે રૂપીયા ૩૩૪૭૭ કરોડની મહેસુલી પુરાંત હતી જે ૨૦૨૮-૨૯ સુધીમાં ઘટીને રૂપીયા ૨૨ હજાર કરોડ થવાની શકયતા છે. આ ઘટાડો સુચવે છે કે વહિવટી ખર્ચ અથવા વ્યાજની ચુકવણીમાં મોટો હિસ્સો વપરાઈ જશે.

# શ્રી રાજારામ ગૌ શાળા આશ્રમ ટેટોડા ખાતે મંત્રી પ્રવિણ માળીની અધ્યક્ષતામાં કૃષિ મેળો અને પ્રાકૃતિક ખેતી પરીસંવાદ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના ટેટોડા માં આવેલા શ્રી રાજારામ ગૌ શાળા આશ્રમ ખાતે કૃષિ લક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ યોજના અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુકત ઉપક્રમે કૃષિ મેળો પ્રદર્શન અને પરીસંવાદનુ શાનદાર આયોજન કરવામાં આવ્યુ હતું.

વન અને પર્યાવરણ મંત્રી પ્રવિણ માળીએ આ પ્રસંગે દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી અને ખેડુતોને ભાવી પેઢીના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા ગંભીર અપીલ કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં મંત્રીએ




આશ્રમ પરીસરમા ઉભા કરવામાં આવેલા વિવિધ પ્રાકૃતિક કૃષિ મોડલ સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે દેશી ગાય આધારીત ખેતી પધ્ધતિમાં વપરાતા જીવામૃત, ધનજીવા મૃત અને બીજામૃત જેવી પધ્ધતિઓ વિશે કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી જીણવટભરી માહિતી મેળવી હતી.

આ પ્રદર્શનમાં ખેડુતોને ખેતી ખર્ચ ઘટાડવા અને જમીનની ફળદ્રૂપતા જાળવવા માટેના વિવિધ જીવંત મોડલ્સ દર્શાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા મંત્રી પ્રવિણ માળીએ જણાવ્યુ હતુ કે આજની રાસાયણિક ખેતી માનવજાત માટે રોગનુ ઘર બની ગઈ હતી. કેન્સર જેવા જીવલેણ રોગોનુ પ્રમાણ વધવા પાછળ ખેતરમાં વપરાતા ઝેરી જંતુનાશકો અને ખાતરો જવાબદાર છે.

આ જ સ્થિતિમાં પ્રાકૃતિક ખેતી હવે માત્ર એક વિકલ્પ નથી રહી પરંતુ આપણી નૈતિક ફરજ બની ગઈ છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે આપણે માત્ર પોતે બદલાવવાનુ નથી પરંતુ સમાજના અન્ય લોકોને પણ ઝેરમુકત ખેતી તરફ વાળવાના છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ખેડુતનો ઈનપુટ ખર્ચ શુન્ય થઈ જાય છે અને ઉત્પાદીત પાક અમૃત સમાન પૌષ્ટીક હોય છે. વધુમાં મંત્રી તરીકે તેમણે પર્યાવરણ અને જળ સંરક્ષણ પર પણ ભાર મુકયો હતો. તેમણે કહ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સરકાર ઉત્તર ગુજરાતના ખેડુતો માટે નર્મદાના નીર પહોચાડવા સતત કાર્યરત છે. પરંતુ પાણીનો બગાડ અટકાવવો અને તેનુ સંરક્ષણ કરવુ એ આપણી સૌની જવાબદારી છે. જો આપણે આજે પાણી અને જમીન નહી બચાવીએ તો ભાવી પેઢી આપણને કયારેય માફ નહી કરે,

# રાજય સરકારે હેલીકોપ્ટર પાછળ કરોડો રૂપીયા ખર્ચ્યા : રૂ.૨૯,૮૪,૩૭૪ કરોડ નો નિભાવ ખર્ચ કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે હેલીકોપ્ટર સંચાલન અને જાળવણી પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કર્યો હોવાની માહિતી ગૃહમાં જાહેર થઈ છે. ગાંધીનગર ખાતે ચાલી રહેલી વિધાનસભાની કાર્યવાહી દરમિયાન આ મુદ્દે સવાલ ઉઠતા સરકાર દ્વારા વિગતવાર જવાબ આપવામાં આવ્યો હતો.



ધારાસભ્ય દિનેશ ઠાકોર દ્વારા પુછાયેલા સવાલના જવાબમાં સરકારે જણાવ્યુ હતુ કે હેલીકોપ્ટર સંચાલન, નિભાવ અને જાળવણી માટે કુલ રૂપીયા ૨૯,૮૪, ૩૭૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સરકારે વધુમાં જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૫-૨૬ માટે હેલીકોપ્ટર સંચાલન માટે રૂપીયા ૩૭ કરોડ ૯૬ લાખનુ બજેટ ફાળવવામાં આવ્યુ હતું. આ બજેટમાંથી ઈંધણ ખર્ચ , તકનીકી જાળવણી, પાયલોટ અને સ્ટાફના વેતન સહિતના ખર્ચનો સમાવેશ થાય છે,

### દરિયાકાંઠો ફરી એકવાર સ્મગલરો માટે 'હોટસ્પોટ' બન્યો

# દ્વારકાના દરિયામાં ૫ કરોડની વિદેશી સિગારેટ સાથે અલ મુખ્તાર બોટ ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતનો દરિયાકાંઠો ફરી એકવાર સ્મગલરો માટે 'હોટસ્પોટ' બની રહ્યો હોય તેમ લાગે છે, પરંતુ ભારતીય સુરક્ષા એજન્સીઓની સતર્કતાએ સ્મગલિંગના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. ભારતીય કોસ્ટગાર્ડે દેવભૂમિ દ્વારકાથી ૧૧૫ નોટિકલ માઈલ દૂર અરબી સમુદ્રમાં એક સફળ ઓપરેશન પાર પાડીને 'અલ મુખ્તાર' નામની ઈરાની બોટને કરોડોની કિંમતના પ્રતિબંધિત જથ્થા સાથે ઝડપી પાડી છે. ચોક્કસ બાતમીના આધારે કોસ્ટગાર્ડે મધદરિયે સર્ચ ઓપરેશન શરૂ કર્યુ હતું. જ્યારે 'અલ મુખ્તાર' બોટને આંતરીને તેની ઝીણવટભરી તપાસ કરવામાં આવી, ત્યારે અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. સ્મગલરોએ બોટના હોલ્ડમાં અત્યંત ચાલાકીપૂર્વક એક ગુપ્ત ખાનું બનાવ્યું હતું. આ ખાનામાંથી વિદેશી બ્રાન્ડની સિગારેટના ૨૦૦ જેટલા કાર્ટન (અંદાજે ૧ લાખ પેકેટ) મળી આવ્યા હતા. પ્રાથમિક અંદાજ મુજબ, આ ઝડપાયેલી વિદેશી સિગારેટની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂ. ૨.૫ કરોડથી ૫ કરોડ આંકવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓએ બોટમાં સવાર ૪ ઈરાની ક્રૂ મેમ્બર્સની ધરપકડ કરી લીધી છે. આ તમામ શખ્સો અને બોટને વધુ તપાસ માટે પોરબંદર જેટી પર લાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ગુજરાતના દરિયાકાંઠે કોને પહોંચાડવાનો હતો, તે દિશામાં હવે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. વિવિધ તપાસ એજન્સીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે શું આ સ્મગલિંગ નેટવર્ક પાછળ કોઈ મોટા આંતરરાષ્ટ્રીય માથાઓનો હાથ છે? ગુજરાતના દરિયાકાંઠે નશીલા પદાર્થો અને પ્રતિબંધિત વસ્તુઓની ઘૂસણખોરીના વધતા કિસ્સાઓને જોતા હવે દરિયાઈ પેટ્રોલીંગમાં પણ મોટો વધારો કરી દેવામાં આવ્યો છે.